# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫ તા.૧૨-૦૪-૧૭

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ડીજીટલ ગુજરાત પોર્ટલ (કમીશન સર્વિસ પોર્ટલ) માં આગામી વર્ષ ૨૦૧૭-૧૮ પ્રવેશોત્સવ-૧૭ માં શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાના અમલ બાબત.

સંદર્ભ :- ના.નિ/શિ/વૃ. પરિપત્ર/૨૦૧૭-૧૮/૮૨૫૧ થી ૯૩૬૪ નાયબ નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ કચેરીનો તા.૨૩-૩-૧૭નો પત્ર.

આથી તમામ શાળાના આચાર્યશ્રીઓને જણાવવાનું કે **ડીજીટલ ગુજરાત પોર્ટલ (કમીશન સર્વિસ પોર્ટલ) માં આગામી વર્ષ ૨૦૧૭-૧૮ થી શિષ્યવૃતિ/ગણવેશ સહાયનો લાભ સીધા વિદ્યાર્થીઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ચૂકવી શકાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ડીજીટલ ગુજરાત પોર્ટલ (કમીશન સર્વિસ પોર્ટલ) ડેવલોપ કરવામાં આવેલ છે.**

શાળાઓએ ઉક્ત પોર્ટલમાં ઓનલાઈન એન્ટ્રી/દરખાસ્તો કેવી રીતે કરવી તે અંગેની તાલીમ જિલ્લા કક્ષાએ તા.૧૦/૧/૧૭ ના રોજ સેંન્ટ ઝેવીયર્સ હાઈસ્કૂલ, લોયલા હોલ, નવરંગપુરા, અમદાવાદ ખાતે આપવામાં આવેલ હતી.

આ સાથે આપને નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિના કલ્યાણની કચેરી(ઓબીસી) ઓ-૯ ન્યુ મેન્ટલ હોસ્પીટલ કેમ્પસ , મેઘાણીનગર અમદાવાદ તેમજ નાયબ નિયામકશ્રી અનુ. જાતિ કલ્યાણની કચેરી બ્લોક નં.એ-૧૦ મો માળ, બહુમાળી મકાન અમદાવાદ ની કચેરીના પરિપત્રો આ સાથે આપને મોકલી આપવામાં આવે છે, જેથી સમયમર્યાદામાં પૂર્ણ કરશો.

બંને કચેરીના પરિપત્રમાં જણાવ્યા મુજબ તા.૨૯/૪/૧૭ સુધીમાં ઓનલાઈન એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. તેમજ અનુ.જાતિની દરખાસ્ત (બે નકલમાં) હાર્ડ કોપી તેમજ અન્ય પછાત (ઓબીસી) ની દરખાસ્ત (એક નકલમાં હાર્ડ કોપી) યોજનાવાર અત્રેના સ્કોલરશીપ વિભાગમાં જમાલપુર ખાતે તા.૧/૫/૧૭ ના રોજ ઉત્તર, દક્ષિણ, પશ્ચિમ ઝોનની શાળાઓમાં તેમજ તા.૨/૫/૧૭ ના રોજ પૂર્વ, હિન્દી તથા ઉર્દૂ ઝોનની શાળાઓએ આપવાની રહેશે.

નાયબ નિયામકશ્રી અનુ.જાતિ તેમજ અન્ય પછાત વર્ગ(ઓબીસી)ની કચેરીના પરિપત્રમાં આપને યોજનાઓની માહિતી આપવામાં આવેલ છે તેમાં આવક મર્યાદા પણ આપવામાં આવેલ છે જે ચકાસી ઓનલાઈન દરખાસ્ત કરશો આ અંગે વધુ માર્ગદર્શન માટે જે તે કચેરીનો સંપર્ક કરો તથા બંને કચેરીઓના પરિપત્રનો સંપૂર્ણ અભ્યાસ કરી દરખાસ્ત તૈયાર કરશો.

તા.૧૨-૪-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર સંપૂર્ણ વાંચવો

ના.નિ./શિ.વૃ. પરિપત્ર/૨૦૧૭-૧૮/ ૮૨૫૧ ૫૧ 6358
નાયબ નિયામક, અનુ.જાતિ કલ્યાણની કચેરી
બ્લોક નં એ ૧૦મો માળ , બહુમાળી મકાન
તા.જિ. અમદાવાદ, તા 23/3/17

ડિઝીટલ ગુજરાત પોર્ટલ.
અગત્યનું/ સમયમર્યાદા

પ્રતિ,
આચાર્યશ્રી,
સાર્વજનિક ... ગ્રા.શા.
મુ. ... તા. ...
જિ. અમદાવાદ

વિષય:- Digital Gujarat Portal (Common Service Portal)માં આગામી વર્ષ:૨૦૧૭-૧૮ પ્રવેશોત્સવ-૧૭માં શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય યોજનાના અમલ બાબત

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા **Digital Gujarat Portal (Common Service Portal)** ડેવલોપ કરવામાં આવેલ છે.

ઉક્ત પોર્ટલમાં અગાઉ ૫ પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ હતો ત્યાર બાદ ૨ નવી યોજનાઓ સહિત અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની આ સાથેના પત્રક-અ મુજબ ૭ યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અત્રેના ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓનો આગામી વર્ષ ૨૦૧૭-૧૮થી **Website: https://www.digitalgujarat.gov.in** મારફત Online દરખાસ્તો મેળવી અમલ કરવાનો થાય છે. વર્ષ ૨૦૧૭-૧૮થી આ સાથેના પત્રક મુજબની યોજના ઓફ લાઇન પત્રકોના આધારે મંજુર કરવામાં આવાશે નહિ જેની તમામ શાળાઓએ નોંધ લેવી.

શાળાઓએ ઉક્ત પોર્ટલમાં ઓનલાઇન એન્ટ્રી/દરખાસ્તો કેવી રીતે કરવી તે અંગેની તાલીમ જિલ્લા કક્ષાએ તા: ૧૦/૦૧/૨૦૧૭. ના રોજ સેંટ ઝેવિયર્સ હાઇસ્કૂલ, લોયલા હોલ, નવરંગપુરા અમદાવાદ ખાતે આપવામાં આવેલ છે. તમામ શાળાઓને આથી જણાવવામાં આવે છે કે વર્ષ ૨૦૧૭-૧૮ માટે પત્રક-અ મુજબની યોજનાઓમાં પાત્રતા ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની **Digital Gujarat Portal**માં દરખાસ્ત કરવા અંગેની કામગીરી નીચે મુજબના કાર્યક્રમ પ્રમાણે કરવાની રહેશે.

- શાળાઓએ પોતાની શાળાના વિદ્યાર્થીઓની એન્ટ્રી તા: ૩૧/૦૩/૧૭ સુધીમાં પૂર્ણ કરવી.

- શાળાઓએ શિષ્યવૃતિની ઓનલાઇન દરખાસ્ત તા: ૦૧/૦૪/૧૭થી ૨૯/૦૪/૧૭ સુધીમાં બનાવી સંબધિત કચેરીને પહોચાડવી.
- શિષ્યવૃતિ યોજનાની એન્ટ્રી કર્યેથી પોર્ટલમાં ધો-૧ થી ધો-૮ના ગણવેશ સહાયની એન્ટ્રી બાય ડિફોલ્ટ થઇ જશે માત્ર ગણવેશ સહાયની પ્રપોઝલ કરવાની રહેશે.
- જિલ્લા કક્ષાએ દરખાસ્તો ચકાસણી/મંજુરીની કામગીરી તા: ૦૧/૦૫/૧૭ થી તા:૩૧/૦૫/૧૭ સુધીમાં પૂર્ણ કરવી.
- જિલ્લા કક્ષાએ ચુકવણીની પ્રકિયા તા: ૦૧/૦૬/૧૭થી તા: ૧૫/૦૬/૧૭ સુધીમાં પૂર્ણ કરવી

તમામ શાળાઓએ અત્રેના ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની યોજનાવાર દરખાસ્તો તા:૨૯/૦૪/૨૦૧૭ સુધીમાં ઓનલાઇન કરી મોકલી આપવાની રહેશે. ઓનલાઇન દરખાસ્ત મોકલ્યા બાદ પેસેન્ટર શાળા/ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓએ પોતાની શાળાના દરખાસ્ત પત્રકોની બે નકલ સહી/સિક્કા સાથે અત્રેની કચેરીએ પહોંચાડવાના રહેશે. (પે સેન્ટર શાળાઓએ તેઓના તાબા હેઠળની શાળાઓના યોજનાવાર પત્રકો એકઠા કરી પહોંચાડવાના રહેશે.)

**<u>શાળાએ ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા:</u>**

- ઓનલાઇન દરખાસ્ત **https://www.digitalgujarat.gov.in** મારફત કરવાની રહેશે.
- શાળા માટે DISE Code તેઓનો યુઝર આઇ.ડી છે અને Abcd@1234 પાસવર્ડ છે. સદરહું પાસવર્ડ માત્ર પ્રથમ વખતના લોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે.
- પ્રત્યેક શાળા/સંસ્થાએ દિન-૧માં ડીઝીટલ ગુજરાત પોર્ટલમાં પોતાના યુઝર આઇ.ડી./પાસવર્ડથી પ્રથમ વખત લોગીન કરી લેવાનુ રહેશે.
- ટ્રેનીંગ પ્રોગ્રામમાં જે મુજબ ટ્રેનીગ આપવામાં આવેલ છે તે મુજબ પેસેન્ટર શાળાઓએ તેની પેટા શાળાના આચાર્યને તાલામી આપી, તમામ શાળાઓએ તમામ વિદ્યાર્થીઓની ડેટા એન્ટ્રી તા:૩૧/૦૩/૨૦૧૭ સુધીમાં પુરી કરવાની રહેશે.
- વિદ્યાર્થીઓની એન્ટ્રી એક વખત કરવાની હોય વિદ્યાર્થીઓની તમામ મરજીયાત અને ફરજીયાત વિગતો અવશ્ય નાખવામાં આવે તે વધુ યોગ્ય છે. કારણકે આવતા વર્ષે ફરીથી આ વિદ્યાર્થીના ધોરણ સિવાયની માહિતી બદલવાની રહેતી નથી સિવાય કે વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દીધેલ હોય.
- તમામ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબર, બેંકનુ નામ, બેંક બ્રાન્ચનુ નામ, IFC Codeની વિગતો આપવી ફરજીયાત છે કારણકે તેના જ આધારે વિદ્યાર્થીઓના ખાતામાં સીધા શિષ્યવૃતિની રકમ જમા કરવાની હોય છે. વિદ્યાર્થીઓની બેંક ખાતાની વિગતો ખોટી આપવામાં આવશે અને શિષ્યવૃતિ અન્યના ખાતામાં જમા થશે તે અંગેની જવાબદારી શાળા/સંસ્થાની રહેશે.

- તમામ વિદ્યાર્થીઓના આધારકાર્ડની વિગતો અવશ્ય આપવાની રહેશે.
- તમામ એન્ટ્રી કરી લીધા બાદ શાળાએ તમામ વિદ્યાર્થીઓની તમામ વિગત ઓનલાઇન ચેક કરી લેવી જો કોઇ વિગત Edit કરવાની જરૂર હોય તો દરખાસ્ત બનાવ્યા પહેલા જ Edit કરી લેવી.
- ત્યારબાદ જે જાતિના વિદ્યાર્થીઓને જે યોજના લાગુ પડે તે મુજબ શિષ્યવૃતિની ઓનલાઇન દરખાસ્તો કરવી અને સબંધિત જિલ્લા કક્ષાએ સબમીટ કરવી.
- ગણવેશ સહાયની પ્રપોઝલ પણ ઓનલાઇન સબમીટ કરવાની રહેશે. ગણવેશ સહાય યોજનાના વિદ્યાર્થીઓની એન્ટ્રી ફરી કરવાની રહેતી નથી. ગણવેશ સહાય યોજનાની દરખાસ્ત બનાવતી વખતે આપોઆપ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની દરખાસ્ત બની જશે.
- ૩૦/૦૩/૨૦૧૭ સુધી દરખાસ્ત (Proposal) બનાવવાની પ્રેક્ટીસ કરી શકાશે. તા:૩૦/૦૩/૧૭ સુધી બનાવવામાં આવેલ પ્રપોઝલ તા:૩૧/૦૩/૧૭ના રોજ ડીલીટ કરી દેવામાં આવશે. (માત્ર દરખાસ્ત (Proposal) ડીલીટ કરવામાં આવશે એન્ટ્રી ડીલીટ કરવામાં આવશે નહિ.)
- ડીઝીટલ ગુજરાત પોર્ટલના પ્રશ્નો અન્વયે જરૂર જણાયે ડીઝીટલ ગુજરાત પોર્ટલના હેલ્પ ડેસ્ક નં 18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

નાયબ નિયામક
અનુસુચિત જાતિ કલ્યાણ
અમદાવાદ.

<u>બિડાણ:</u>

૧. અત્રેના ખાતાની પોર્ટલમાં સમાવેશ કરેલ યોજનાઓની વિગત અને શરતો (પત્રક-અ અને પત્રક-બ)
૨. અનુ.જાતિઓ અને અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિની યાદી
૩. અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકોને શિષ્યવૃતિ અંગેનુ ફોર્મ.
૪. બીસીકે-૩૫ (૩૨૯) ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાનુ શિષ્યવૃત્તિ ફોર્મ

<u>નકલ રવાના :-</u>

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (શહેર), જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ની કચેરી, અમદાવાદ તરફ જાણ સારૂ તથા જરૂરી કર્યવાહી સારૂ.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (ગ્રામ્ય) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ની કચેરી, અમદાવાદ તરફ જાણ સારૂ તથા જરૂરી કર્યવાહી સારૂ.

(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિકસિક્ષણધિકારીની કચેરી, અમદાવાદ તરફ જાણ સારૂ તથા જરૂરી કર્યવાહી સારૂ.

(૪) શાસનાધિકારીશ્રી, નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ તરફ જાણ સારૂ તથા જરૂરી કર્યવાહી સારૂ.

૨. આપના હસ્તકની સંબધિત શાળાઓના આચાર્યશ્રીઓને સમય સર શિષ્યવૃતિ ની દરખાસ્ત ઓનલાઇન મોકલી આપવા જરૂરી સુચના આપવા વિનંતી.

નકલ સવિનય રવાના:-

(૧) માનનિય કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી અમદાવાદ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(૨) માનનિય નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

## Digital Gujarat Portal મારફત Online કરવાની થતી યોજનાઓ વિગત (પત્રક-અ)

### સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

### નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર

| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર (વાર્ષિક) | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બીસીકે-૨/૭૧ પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃતિ | અનુ.જાતિ | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૫૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી / અનુદાનિત / ખાનગી પ્રાથમિક-માધ્યમિક શાળા |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૫૦૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૭૫૦/- | | |
| | | | ધો. ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | | |
| ૨ | બીસીકે-૧૭ અનુ.જાતિ પૈકી અતિપછાત જાતિના વિધાર્થીઓને ખાસ શિષ્યવૃતિ | અનુ.જાતિ | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | આવક મર્યાદા નથી | સરકારી / અનુદાનિત / ખાનગી પ્રાથમિક શાળા |
| ૩ | બીસીકે-૧૭એ અનુ.જાતિ પૈકી અતિપછાત જાતિના વિધાર્થીઓને ખાસ શિષ્યવૃતિ | અનુ.જાતિ | ધો ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૦૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી / અનુદાનિત / ખાનગી માધ્યમિક શાળા |
| ૪ | બીસીકે-૧૬ ગણવેશ સહાય | અનુ.જાતિ | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૩૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી / અનુદાનિત / ખાનગી પ્રાથમિક શાળા |
| ૫ | બીસીકે-૪ અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકોને શિષ્યવૃતિ | અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકો | ધો ૧ થી ૧૦ | કુમાર/કન્યા | હોસ્ટેલરને રૂ.૮૦૦૦/-<br>ડેસ્કોલરને રૂ.૧૮૫૦/- | આવક મર્યાદા નથી | સરકારી / અનુદાનિત / ખાનગી માધ્યમિક શાળા |
| ૬ | બીસીકે-૩૫ (૨૩૯) ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ | અનુ.જાતિ | ધો-૯ થી ૧૦ | કુમાર/કન્યા | હોસ્ટેલરને રૂ.૪૫૦૦/-<br>ડેસ્કોલરને રૂ.૨૨૫૦/- | આવક મર્યાદા રૂ.૨,૦૦,૦૦૦/- | સરકારી / અનુદાનિત / ખાનગી માધ્યમિક શાળા |

| Digital Gujarat Portal મારફત Online કરવાની થતી યોજનાઓની સામાન્ય શરતો (પત્રક-બ) | | |
|---|---|---|
| સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | | |
| નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર | | |
| ક્રમ | યોજનાનુ નામ | સામાન્ય શરતો |
| ૧ | બીસીકે-૨/૭૧<br>પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | - ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.<br>- સદરહું યોજનામાં ધો-૧ થી ૧૦ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે.<br>- સદર યોજનામાં અનુ.જાતિ પૈકી અતિપછાત અનુસૂચિત જાતિના બાળકોનો સમાવેશ કરવાનો નથી.<br>- સદર યોજનામાં જે વિદ્યાર્થીના વાલી અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ હોય તેવા વિદ્યાર્થીનો સમાવેશ કરવાનો નથી.<br>- સદર યોજનામાં ધો-૯ અને ૧૦ ના જે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના વાલીની આવક રૂ.૨.૦૦ લાખથી વધારે હોય તેનો જ સમાવેશ કરવાનો છે. રૂ.૨.૦૦ લાખથી ઓછી આવક વાળા વિદ્યાર્થીઓને બીસીકે-૩૫ યોજનામાં સમાવવાના રહેશે.<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિ મળવાપાત્ર નથી. |
| ૨ | બીસીકે-૧૭<br>અનુ.જાતિ પૈકી અતિપછાત જાતિના વિધાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ | - ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.<br>- સદરહું યોજનામાં ધો-૧ થી ૮ના અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિ મળવાપાત્ર નથી. |
| ૩ | બીસીકે-૧૭એ<br>અનુ.જાતિ પૈકી અતિપછાત જાતિના વિધાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ | - ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.<br>- સદરહું યોજનામાં ધો-૯ થી ૧૦ના અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- સદર યોજનામાં ધો-૯ અને ૧૦ અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના જે વિદ્યાર્થીઓના વાલીની આવક રૂ.૨.૦૦ લાખથી વધારે હોય તેનો જ સમાવેશ કરવાનો છે. રૂ.૨.૦૦ લાખથી ઓછી આવક વાળા વિદ્યાર્થીઓને બીસીકે-૩૫ યોજનામાં સમાવવા.<br>- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિ મળવાપાત્ર નથી.<br>- |

| | | |
|---|---|---|
| ૪ | બીસીકે-૧૬<br>ગણવેશ સહાય | - ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.<br>- સદરહું યોજનામાં ધો-૧ થી ૮ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે.<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- બીસીકે ૨/૭૧, બીસીકે-૧૭, બીસીકે-૪ ના ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવાનો રહેશે. |
| ૫ | બીસીકે-૪ અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકોને શિષ્યવૃતિ | - ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.<br>- સદરહું યોજનામાં ધો-૧ થી ૧૦ના વિદ્યાર્થીઓકે જેઓના વાલી અસ્વચ્છ વ્યવસાયમાં જોડાયેલા હોય તેઓને લાભ આપવાનો રહેશે<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- સદરહું યોજના વિદ્યાર્થીઓનુ નિયત ફોર્મ ભરી સાધનિક પુરાવા મેળવી શાળા કક્ષાએ રાખવાના રહેશે. (નિયત ફોર્મ સામેલ છે.)<br>- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિ મળવાપાત્ર નથી. |
| ૬ | બીસીકે-૩૫ (૨૩૯) ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ | - ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.<br>- સદરહું યોજનામાં ધો-૯ થી ૧૦ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓના વાલીન આવક રૂ. ૨.૦૦લાખ થી ઓછી હોય તેઓને લાભ આપવાનો રહેશે.<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા રૂ. ૨.૦૦લાખ છે.<br>- સદરહું યોજના વિદ્યાર્થીઓનુ નિયત ફોર્મ ભરી સાધનિક પુરાવા મેળવી શાળા કક્ષાએ રાખવાના રહેશે. (નિયત ફોર્મ સામેલ છે.)<br>- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિ મળવાપાત્ર નથી. |

નોંધ:

- ઉક્ત શિષ્યવૃતિ યોજનાઓ પૈકી વિદ્યાર્થીને જે યોજનામાં વધારે સહાય મળતી હોય તેવી યોજનાઓમાં સમાવવાના રહેશે
- વિદ્યાર્થી ગુજરાતના નાગરીક હોવા જોઇએ.
- પરપ્રાંતા વિદ્યાર્થીઓને તેઓના પ્રાંતમાં શિષ્યવૃતિ યોજનાનો લાભ લેવાનો રહે છે.
- અમાન્ય શાળાઓએ શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવી નહી. અને તેમ છતાં જો શિષ્યવૃતિની દરખાસ્ત કરવામાં આવશે તો જે તે શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- ઉક્ત તમામ શરતો માર્ગદર્શન પુરતી છે. આખરી અર્થ ઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે.

## પરિશિષ્ટ-૨-બ

### ભારત સરકારનો તા.૧૮/૯/૭૬ નો અનુ.જાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ મુજબ ગુજરાત રાજ્યની અનુસૂચિત જાતિઓની યાદી :-

૧. અગેર
૨. બાકડ બાન્ટ
૩. બાવા ઢેડ, ઢેડ સાધુ
૪. ભાંબી, ભાંભી, અસાદર, અસોડી, ચામડીયા, ચમાર, ચાંભાર, ચામગર, હરીલાપ્યા, હરાલી, ખાલપા, મોચીગર,મદાર,માદીગ, કામટી, રાનીગર, રોહિદાસ, રોહિત, સામગર, નાલીયા.
૫. વાલ્મીકી,મહેતર,ઓળગણા, રૂખી, મલંકાણી, હલાલખોર, લાલબેગી, કોરાર, ઝાડમલ્લી.
૬. ચલવાડી, ચન્નાપ્યા
૭. ચેનાદસાર, હોલાયા, દસાર
૮. ડાંગસીયા
૯. ઢોર, કઠકાપ્યા, કાપ્યા
૧૦. ગમમાતુંગ
૧૧. ગરોડા, ગરો
૧૨. હુલ્લોર
૧૩. હલસર, હસલર, હુલ્લાસ્વર, હલસ્વર
૧૪. હોલાર, વલ્હાર
૧૫. હોલીયા, હોલેર
૧૬. લીંગાદેર
૧૭. મહાર, તરાલ, ઢેગુમેગુ
૧૮. માયાવંશી, ઢેડ,ઢેઢ વણકર, મારૂ વણકર, અંત્યજ
૧૯. માંગ, માતંગ, અથવા માનીમાડીંગ
૨૦. માંગ, ગારૂડી
૨૧. મેઘવલ,મેઘવાળ, મેથવાર
૨૨. મુકરી
૨૩. નાડીયા, હાડી
૨૪. પાસી
૨૫. ચેનવા, સેનવા, સેડમા, રાવત
૨૬. શૈમાલિયા,
૨૭. થોરી
૨૮. તીરગર, તીરબંદા
૨૯. તુરી
૩૦. તુરી બારોટ, ઢેઢ બારોટ

# અનુસૂચિત જાતિઓ પૈકી અતિ-પછાત જાતિઓની યાદી.

- વાલ્મિકી
- હાડી
- નાડીયા
- સેનવા, સેનમા, રાવત.
- ગરો, ગરો બ્રાહ્મણ, ગરોડા, ગુરૂ બ્રાહ્મણ અનુ.જાતિ.
- તૂરી.
- તૂરી બારોટ.
- વણકર સાધુ.
- અનુ.જાતિ-બાવા.
- મહેતર ઓળગણા.
- રૂખી.
- મલકાણી.
- હલાલખોર.
- લાલબેગી.
- કોરાર.
- ઝાડમલ્લી.
- તીરગર.
- તીરબંદા.
- થોરી.
- માતંગ.

## તારીખ : ૧/૧/૯૫ થી અમલમાં આવેલ સુધારેલ નિયમો મુજબ અસ્વચ્છ વ્યવસયામાં રોકાયેલા વાલીઓના બાળકોને શિષ્યવૃતિ મેળવવા માટેનું અરજી પત્રક

૧ વિધાર્થીઓનું પુરેપુરૂં નામ :

૨ કયા ધોરણમાં અભ્યાસ કરે છે. :

૩ વિધાર્થીના મા-બાપ વાલીનું પુરૂ નામ :
સરનામું

૪ જાતિ પેટા જાતિ :

૫ ધર્મ :

૬ મા-બાપ/વાલીનો વ્યવસાય
(સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર જોડવું)
વ્યવસાયની વિગતો

**૧ મરેલા ઢોરની ખાલી કાઢનાર**
**૨ ચામડું કમાવવાનું કામ કરનાર, ચામડું ઉતારવાનું કામ કરનાર,**
**૩. સફાઇ કરનાર**
**૪ શેરી સાફ કરવી**
**૫ કાગળ વીણનાર (waste Pickers)**

૭ ગત વર્ષે કર્યા ધોરણમાં અભ્યાસ કરતા હતા :
તથા શાળાનું નામ અને સરનામું

૮ ગત વાર્ષિક પરીક્ષામાં પાસ કે નાપાસ :

૯ વિધાર્થીના અન્ય ભાઇ કે બહેન આ યોજના :
હેઠળ લાભ મેળવેલ છે કે કેમ?જો હા તો તેની વિગત

૧૦ અન્ય કોઇસંતાને મેળવેલ નથી તે મુજબનું આ સાથેના :
મુજબનું એકરારનામું આ સાથે બીડેલ છે કે કેમ?હા/ના

૧૧ વિધાર્થી છાત્રાલયમાં રહે છે કે કેમ? છાત્રાલયનું નામ- :
સરનામું ચલાવનારનું સ્વૈચ્છિક સંસ્થાનું પુરૂ નામ-સરનામ

૧૨ છાત્રાલયમાં પ્રવેશની તારીખ :

૧૩ છાત્રાલયમાં રહેવા જમવાની શું વ્યવસ્થા છે? :
અને કેટલા ચાર્જ લેવામાં આવે છે.?

## એકરારનામું

આથી હું ખાત્રીપૂર્વક-------------------------------------------------------------------------નીચે સહી કરનાર રહેવાસી નામ-------------------------------------------------- તાલુકો જીલ્લોઃ અમદાવાદ જણાવુ છું કે શ્રી -------------------------------------------------------------------------વ્યવસાય કરૂં છુ મારે પુત્ર/પુત્રી - --------------------------------------------------------શાળામાં ધોરણ------------------- માં અભ્યાસ કરે છે. તેમજ અગાઉ લાભ મેળવેલ નથી. અરજીમાં જણાવેલ બાળકની શિ.વૃ. મેળવવા માટે કોઈ અન્ય યોજના હેઠળ લાભ મેળવતા નથી. તેમજ અગાઉ લાભ મેળવેલ નથી. અરજીમાં જણાવેલ બાળકની શિ.વૃ. મેળવવા માટે અન્ય કોઈ યોજના હેઠળ લાભ મેળમવેલ નથી. તેમજ અરજી કરેલ નથી.અમારા પુત્ર/પુત્રી સિવાય અન્ય પુત્રીઓ આ શાળામાં અથવા અન્ય શાળામાં આ યોજના હેઠળ લાભ મેળવતા નથી.

સ્થળ :

૧ વિધાર્થીના મા-બાપ/વાલીની સહી/

તારીખ:

૨ વિધાર્થી/વિધાર્થીની સહી/

## અસ્વચ્છ વ્યવસાય તથા આવકનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી-------------------------------------------ગામ---------- ------------------------તાલુકો-----------------------------------------જી.અમદાવાદના રહેવાસી છે. જેઓના પિતા/વાલીશ્રી ------------------પેટા જાતિ-------- છે તેઓ નીચે દર્શાવેલ વ્યવસાયો પૈકી ...................... નો વ્યવસાય કરે છે. આ વ્યવસાય માં તેઓ .......... વર્ષ થી રોકાયેલા છે. તે અંગેની ખાત્રી કરવામાં આવેલ છે. તેઓની વર્ષ ................ ની વાર્ષિક આવક રૂા....................... છે. પિતા ના આધારકાર્ડ નો નંબર...................................................... છે. જેઓના વ્યવસાય મરેલા ઢોરની ખાલી કાઢનાર તથા ચામડું કેળવવાનું (ચામડું ઉતારનાર અને ચામડું પકવવાનું કામ કરે છે. શેરી સાફ કરનાર કાગળ વીણનાર **(waste Pickers)** સાથે સંકળાયેલ છે)

સ્થળ

તારીખ

અધિકૃત અધિકારી/ પદાધિકારીનું નામ હોદ્દો
અને સહી

**નીચે જણાવેલ પદાધિકારીઓને આવકના પ્રમાણપત્ર આપવા અધિકૃત કરવામાં આવેલ છે.**

(૧) સંસદસભ્યશ્રીઓ, (૨) રાજ્યના ધારાસભ્યશ્રીઓ (૩) જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ (૪) મ્યુનિસિપાલિટીના મુખ્ય અધિકારીશ્રીઓ (૫) કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રીઓ (૬) બીજા વર્ગના માનદ્ મેજીસ્ટ્રેટશ્રીઓ (૭) સંબંધિત રાજ્ય, સંઘ પ્રદેશની સરકાર દ્વારા આ માટે ખાસ અધિકૃત કરેલ હોય તેવા અધિકારીશ્રીઓ (૮) અનુ.જાતિ અને અનુ.જનજાતિના મ્યુનિ. કોર્પોરેટરો (૯) જિલ્લા, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ (૧૦) મહાનગર પાલિકાના મેયરશ્રીઓ, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન અને નગર પાલિકાના અધ્યક્ષશ્રીઓ તથા ઉપાધ્યક્ષશ્રીઓ (૧૧) નગર પંચાયતોના અધ્યક્ષશ્રીઓ અને ઉપાધ્યક્ષશ્રીઓ (૧૨) સરપંચ તથા ઉપસરપંચ (ફક્ત ગ્રામ્ય વિસ્તાર માટે)

ATC/BPA/16-17/P-7558

# ફેશ

વર્ષ :....................

ભારત સરકારની પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ
શિષ્યવૃત્તિ મેળવવા માટેનું અરજીપત્રક
(ધોરણ-૯ અને ૧૦ માટે)

અહીં
ફોટો ચોંટાડવો
અને
ફોટા ઉપર
વિદ્યાર્થીએ સહી કરવી

રોલ નંબર :....................

(નોંધ : ૧ થી ૧૫ કોલમો વિદ્યાર્થીએ ભરવા)

૧. વિદ્યાર્થીનું નામ : શ્રી/શ્રીમતી/કુમારી :............................................................
(અટકથી શરૂઆત કરવી)

૨. પિતા/વાલીનું નામ :............................................................

૩. હાલનું સરનામું :............................................................
............................................................

૩.૧ કાયમી પુરેપૂરૂ સરનામું :............................................................
............................................................

૪. વાર્ષિક આવક :............................ (તા. ૦૧/૦૪/૨૦..... થી તા. ૩૧/૦૩/૨૦..... સુધી)

૫. જાતિ અને પેટા જાતિ :............................................................

૬. જન્મ તારીખ :................................

૭. હાલ કયા ધોરણમાં અભ્યાસ કરો છો ? :............................................................
● શાળા/સંસ્થા અભ્યાસક્રમ પૂર્ણ સમયનો છે કે કેમ ? ............................................................

૮. શાળા/સંસ્થામાં દાખલ થયા તારીખ :..........................

૯. શાળા/સંસ્થાનું સત્ર શરૂ થયાની તારીખ :...................... સત્ર પુરૂ થવાની તારીખ :....................

૧૦. છાત્રાલયમાં રહો છો કે કેમ ? 'હા' કે 'ના' :.............
છાત્રાલય સરકારી/સરકાર માન્ય કે ખાનગી છે ? :............................................................

૧૧. છાત્રાલયમાં દાખલ થયાની તારીખ :..........................

૧૨. હાલની શાળા/સંસ્થાનું નામ અને સરનામું :............................................................
............................................................

૧૩. ગત વર્ષે શાળા/સથામાં અભ્યાસ કરેલ હોય તેનું નામ અને સરનામું :............................................................
............................................................

૧૪. વિદ્યાર્થીના બૅંક ખાતા નંબર :..........................................
બૅંકનું નામ :.......................................... શાખા :..............................

૧૫. આધારકાર્ડ જો હોય તો નંબર અને નકલ જોડવી :............................................................

# પ્રિ.એસ.એસ.સી. (ધોરણ-૯ અને ૧૦) શિષ્યવૃત્તિઓ માટે ભરવાનું ફ્રેશ અરજી પત્રક

## અરજીપત્રકમાં નીચેની વિગતો સ્પષ્ટ રીતે ભરવા અંગેની વિદ્યાર્થીઓને સૂચના :

૧. પોતાનું પૂરૂં નામ, અટક સ્પષ્ટ રીતે વાંચી શકાય તે રીતે લખવા.

૨. જાતિ, પેટાજાતિ અવશ્ય જણાવવી. ખોટી જાતિ બતાવવી એ ફોજદારી ગુન્હો છે.

૩. અભ્યાસક્રમમાં વચ્ચે ગાળો પડ્યો હોય તો તે દરમ્યાન શું કર્યું તેની વિગત વર્ષવાર માહિતી ભાગ-ક માં કોલમ નં. ૯ માં વિશેષ નોંધમાં જણાવવું.

૪. છેલ્લી પરીક્ષાના ગુણપત્રકની પ્રમાણિત નકલ સાથે બીડવી (સહી/સિક્કાવાળી)

૫. છાત્રાલયમાં રહેતા હોય તે છાત્રાલયમાં દાખલ થયાની તારીખ અરજીપત્રકમાં જણાવવી તથા ગૃહપતિનું છાત્રાલયમાં દાખલ થયા તારીખ સાથેનું પ્રમાણપત્ર જોડાણ-૩માં રજુ કરવું.

૬. પોતાની અને પોતાના મા-બાપ/વાલીની સહી જયાં માંગવામાં આવી હોય ત્યાં અવશ્ય કરાવવી. જો પિતા/વાલી હયાત ન હોય તો તે સ્પષ્ટ જણાવવું.

૭. તમારા પિતા હયાત હોય તો તેમની જ સહી કરાવવી અને તેમની આવક પણ દર્શાવવી. પરિણિત વિદ્યાર્થિનીઓએ તેમના પતિ તથા તેમના કુટુંબની આવક દર્શાવવી.

૮. પાના ૨ પર દર્શાવેલ આવક ક્યાંથી આવે છે તેની વિગત પાન. ૮ અને ૯ પરની અનુસૂચિ લગતા કોલમમાં દર્શાવવી.

૯. જાતિ અંગેના પ્રમાણપત્રમાં તમારી જાતિ અને પેટા-જાતિ દર્શાવવી તેમજ આ પ્રમાણપત્ર પાન નં. ૬ ની નોંધમાં દર્શાવેલ અધિકારીએ જ આપેલું રજુ કરવું.

૧૦. વિદ્યાર્થી પાર્ટ-ટાઈમ નોકરી કરતા હોય તો તે અંગેનું પ્રમાણપત્ર જે સ્થળે નોકરી કરતાં હોય તે સ્થળેથી મેળવી અવશ્ય મોકલી આપવું. જેમાં નોકરીનો સમય બતાવવો.

૧૧. અરજીપત્રકમાં જણાવેલ કોલમમાં માંગ્યા પ્રમાણેની તમામ માહિતી ભરવી.

૧૨. શાળા/કોલેજમાં પ્રવેશ મળી ગયા બાદ એક માસમાં અરજીપત્રક સંપૂર્ણ ભરીને શાળા/કોલેજની કચેરીમાં આપી દેવાનું રહેશે. અધુરાશવાળી અરજીઓ હશે અને તેને કારણે શિષ્યવૃત્તિ ચૂકવવામાં વિલંબ થશે તો તેની જવાબદારી મંજુર કરનાર અધિકારીની રહેશે નહીં.

૧૩. ''મેરીટ (ગુણવત્તા) સ્કોલરશીપ'' અને ભારત સરકારની શિષ્યવૃત્તિએ બેમાંથી વિદ્યાર્થીને જે વધુ લાભકર્તા હશે તે શિષ્યવૃત્તિ વિદ્યાર્થી લઈ શકશે.

૧૪. જોડાણ-૧ માં જણાવ્યા પ્રમાણેનું પિતા/વાલીએ એકરારનામું આપવાનું રહેશે.

૧૫. જોડાણ-૧ માં જણાવ્યા પ્રમાણે કુમાર/કન્યા તમામ વિદ્યાર્થીએ જાતિ/આવકના દાખલાની પ્રમાણિત નકલ જોડવાની રહેશે.

૧૬. રૂા. ૨.૦૦ લાખથી વધુ આવક હશે તેમને માત્ર રાજ્ય સરકારની યોજનામાંથી શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે.

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

# અરજીપત્રક

ઉચ્ચ માધ્યમિક શિક્ષણ અને તે પછીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ, બૌદ્ધ ધર્મ અંગીકાર કરેલ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રિ.મેટ્રીક (ધોરણ-૯ અને ૧૦) શિષ્યવૃત્તિ મેળવવાનું ફ્રેશ અરજીપત્રક.

**ખાસ નોંધ : આ અરજી પત્રક શાળામાં પ્રવેશ મેળવ્યા પછી ૧ માસમાં જ જે-તે શાળાને મોકલી આપવાનું રહેશે.**

## ભાગ-૧

(અરજદારે સ્પષ્ટ અને સ્વચ્છ અક્ષરે ભરવું)

૧. વિદ્યાર્થીનું નામ : શ્રી/શ્રીમતી/કુમારી :...........................................................
(મોટા અક્ષરે) (અટકથી શરૂઆત કરવી)

૨. જન્મ તારીખ (ઈસ્વીસન પ્રમાણે) :...........................................................

૩. જ્ઞાતિ અને પેટા જાતિ :...........................................................

૪. ધર્મ :...........................................................

૫. પરિણિત કે અપરિણિત :...........................................................

૬. જો નોકરી કરતા હોય તો તેની વિગત આપો :

(૧) નોકરીમાં રાખનારનું પૂરૂં નામ અને સરનામું :...........................................
...........................................

(૨) માસિક કુલ આવક :...........................................

(૩) નોકરી ફુલ ટાઈમ છે કે પાર્ટ ટાઈમ (પાર્ટ ટાઈમ નોકરી હોય તો સમય બતાવવો) :...........................................

(૪) તારીખ ૩૧ મી માર્ચ, ૨૦..... ના રોજ પુરા થતા નાણાંકીય વર્ષની તારીખે પોતાની તથા તમામ કુટુંબની બધી જ મળીને કુલ આવક :...........................................

૭. મૂળ વતનના વસવાટની વિગતો :

(૧) ગામ :...........................................................

(૨) તાલુકો :...........................................................

(૩) જિલ્લો :...........................................................

(૪) રાજ્ય :...........................................................

(૫) હાલનું પૂરેપૂરૂં સરનામું :...........................................................
...........................................................

# ભાગ-૨

(અરજદાર અભ્યાસ કરતો હોય તે સંસ્થાના વડાએ ભરવાનું)

| | | |
|---|---|---|
| ૧. | સંસ્થાનું નામ : | |
| ૨. | સંસ્થાની માન્યતા મળ્યા નંબર/તારીખ : | |
| ૩. | વિદ્યાર્થીનાં અભ્યાસક્રમવાળી સંસ્થા સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ/ સેલ્ફ ફાઈનાન્સ છે. તેની વિગત : | |
| ૪. | અરજદારે ભાગ (૧)માં આપેલી વિગતની મેં ચકાસણી કરી છે, અને તે ખરી જણાઈ છે./જરૂરી સુધારા કરેલ છે. | |
| ૫. | અરજદાર જે-તે અભ્યાસક્રમ કરતો હોય તે અભ્યાસક્રમની મુદત પૂર્ણ સમયનો છે કે ? અંશકાલિન સમયનો છે ? | વર્ષ :....... માસ :....... |
| ૬. | આ અભ્યાસક્રમનું ચાલુ શૈક્ષણિક સત્ર શરૂ થયાની તારીખ | તારીખ : / /૨૦ |
| ૭. | તે અભ્યાસક્રમ/વર્ગમાં અરજદાર આ વર્ષે જોડાયાની ખરેખર તારીખ | તારીખ : / /૨૦ |
| ૮. | ચાલુ સત્ર વાર્ષિક પરીક્ષા (પ્રેક્ટીસ સહિત) પૂરી થવાની સંભવિત તારીખ માસ અને વર્ષ | તારીખ : / /૨૦ |
| ૯. | (ક) અરજદારને શિક્ષણ ફી ચૂકવવામાંથી મુક્તિ મળેલ છે ? | હા / ના |
| | (ખ) જો હા, તો આ માફી પૂરી શિક્ષણ ફી પૂરતી છે કે અર્ધી શિક્ષણ ફી પૂરતી છે તે જણાવો. | |
| ૧૦. | અરજદારે ચાલુ વર્ષ દરમ્યાન સંસ્થાને ચૂકવવાની પરત ન કરી શકાય તેવી બધી જ ફરજિયાત ફી (છાત્રાલય ભાડું અને બીજા પ્રસંગોપાત ખર્ચ સિવાયની વિગતો) : | |

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે આ શાળા.................................................. બોર્ડ સાથે જોડાયેલી છે અને ભારત સરકાર/રાજ્ય સરકાર દ્વારા માન્ય થયેલી છે. અરજદાર આ સંસ્થામાં.................................................. અભ્યાસક્રમમાં છે અને તે અભ્યાસક્રમમાં પ્રવેશ માટે.................................................. પરીક્ષા પાસ કરી હોય તે ઓછામાં ઓછી જરૂરી લાયકાત છે. આ અભ્યાસક્રમને બોર્ડ/સરકારશ્રીની માન્યતા મળેલ છે.

અરજદાર અંગેની શિષ્યવૃત્તિની રકમ મારા હસ્તક મુકવામાં આવે તો અને જે-તે ખાસ હેતુસર આપવામાં આવી હશે તે માટે જ ખર્ચવાની અને શિષ્યવૃત્તિ આપનાર સત્તાધિકારીને નિયમિત રીતે હિસાબ આપવાની બાંહેધરી આપું છું. અરજદાર સંસ્થા છોડી જાય અથવા અન્યથા અભ્યાસ ચાલુ ન રાખે અથવા બીજી કોઈ નિયમિત સ્વરૂપની શિષ્યવૃત્તિ (વૃત્તિકા) સ્વીકારે તો ઉક્ત સત્તાધિકારીને તે હકીકતની તાત્કાલિક જાણ કરવામાં આવશે અને અરજદારને શિષ્યવૃત્તિની ચૂકવણી બંધ કરવામાં આવશે. નિભાવ ખર્ચ, ફી વગેરે ખાતે વણચૂકવાયેલી રકમ પણ સરકારના ખાતામાં રિફંડ કરવામાં આવશે.

નં. :..................................

સ્થળ :..................................

તારીખ :..................................

સંસ્થાનો સિક્કો :..........................

સંસ્થાના વડાની સહી :..................................

(મોટા અક્ષરે)

હોદ્દો :..................................

સરનામું :..................................

..................................

# જોડાણ-૧

## જાતિ અને આવકનું એકરારનામું
## (વિદ્યાર્થીના માતા/પિતા/વાલીએ ભરવું)

(મા-બ
જણાવે

આથી હું નીચે સહી કરનાર :.................................................... સોગંદ પૂર્વક જણાવું છું કે મારો પુત્ર/પુત્રી/આશ્રિત નામે શ્રી............................................................................. શાળામાં અભ્યાસ કરે છે અને પેટાજાતિ :................................ છે અને મારા કુટુંબની (મારા પતિ/ પત્નિની આવક સહિત) ગત વર્ષની તમામ સાધનોમાંથી થતી વાર્ષિક આવક રૂા.................................. (અંકે રૂપિયા........................................................................................ પુરા)થી વધતી નથી. જેની બાંહેધરી આપું છું અને મારા પુત્ર/પુત્રી/આશ્રિત ........................................ ની જાતિ અંગેનો સક્ષમ અધિકારીશ્રી.......................................................................... નો તા.:............... નંબર :........................ નાં દાખલાની પ્રમાણિત નકલ સામેલ છે. તથા ગત વર્ષ ૨૦.....૨૦.....ની વાર્ષિક આવક રૂા.................... (અંકે રૂપિયા..................................................)નો સક્ષમ અધિકારીશ્રી........................................ નાં તા.............. નંબર :................ દાખલાની પ્રમાણિત નકલ સામેલ છે.

૧.

૨

વધુમાં હું બાંહેધરી આપું છું કે આ મારી પેટાજાતિ/તથા આવકમાં દર્શાવેલ વિગતો ભવિષ્યમાં ખોટી જણાય તો શિષ્યવૃત્તિની પુરેપુરી રકમ ભારતના રાષ્ટ્રપતિને રીફંડ કરીશ અને વિગતોનો એકરાર ખોટો છે કે કેમ ? તે અંગેનો સરકારનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

તારીખ :.................

વિદ્યાર્થીના પિતા/વાલીની સહી :..........................................

નામ :..........................................................

સ્થળ :...................

સરનામું :......................................................

વિદ્યાર્થીની સહી :..............................................

તા.ક. (૧) વિદ્યાર્થીના પિતા/વાલીની ગત વર્ષની વાર્ષિક આવકનો દાખલો, મામલતદાર/તાલુકા વિકાસ અધિકારીશ્રી/ચીફ ઓફિસરશ્રીનો મેળવી રજુ કરવો. (પ્રમાણિત નકલ)

(૨) વિદ્યાર્થીના પિતા/વાલી જ્યાં નોકરી કરતા હોય ત્યાંથી આવક અંગેનું પ્રમાણપત્ર તથા ઈન્કમટેક્ષ ફોર્મ નં. ૧૬ રીટર્ન રજૂ કરવું.

(૩) વિદ્યાર્થીની જાતિનો દાખલો મામતલદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી/જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી અને બીજા વર્ગના માનદ્ મેજીસ્ટ્રેટ/સક્ષમ અધિકારીશ્રીનાં દાખલાની પ્રમાણિત નકલ રજુ કરવી.

# અનુસૂચિ

(મા-બાપ/વાલીની વાર્ષિક આવક ક્યાંથી પ્રાપ્ત થાય છે તે નીચે અનુસૂચિના કોલમ ૧,૨,૩,૪ માં અચૂક દર્શાવવી, આ જણાવેલ માહિતી ન ભરનાર વિદ્યાર્થીના અરજીપત્રકો અપૂર્ણ ગણવામાં આવશે.

(આવક અંગેની માહિતી)

૧. ધરાવેલ જમીનનું પ્રમાણ/માલિક/ગણોતિયા તરીકે :

(૧) ક્ષેત્રફળ :..........................................................

(૨) ગામ :..........................................................

(૩) સર્વે નંબર :..........................................................

(૪) જમીન મહેસુલની આવક :..........................................................

૨. ધરાવેલ મિલકત (ઘર, દુકાનનું મકાન, ઘરથાળ વગેરે)

(૧) ઘર નં. :..........................................................

(૨) શેરી :..........................................................

(૩) ગામ/નગર/શહેર :..........................................................

(૪) સ્થળનું ક્ષેત્રફળ :..........................................................

(૫) ભાડાની ઉપજ હોય તો :..........................................................

(૬) ચૂકવેલ ઘરવેરા :..........................................................

(૭) દુકાનનું સરનામું :..........................................................

(૮) વેપારનો - કર :..........................................................

(૯) ચૂકવેલ વેચાણવેરો/આવકવેરો :..........................................................

(૧૦) લાયસન્સ નંબર :..........................................................

૩. મળતો પગાર :

(૧) નોકરી કરનારનું નામ :..........................................

(૨) જ્યાં નોકરી કરવામાં આવતી હોય :..........................................
તે કચેરી/એકમ/સંસ્થાનું નામ

(૩) સરનામું :..........................................
..........................................

(૪) માસિક વળતર કુલ પગાર, :..........................................
મોંઘવારી તથા અન્ય ભથ્થા
અલગ અલગ દર્શાવવા

(૫) ઘર ભાડા-ભથ્થું મફત રહેઠાણ :..........................................
જેવા લાભ અને બીજા અનુલાભ

૪. અન્ય બાબત :

(૧) પેટા-ઉદ્યોગ, પાર્ટ ટાઈમ :..........................................
વ્યવસાયમાં આવક :..........................................

(૨) રોજી તરીકે મળતી રકમ :..........................................

(૩) બીજી કોઈ આવક :..........................................

૫. માતાનો વ્યવસાય :..........................................
(વિગતો આપવી)

પિતા/વાલી/પતિની ડાબા/જમણા હાથની છાપ

સ્થળ :..............................

નામ :..........................................

તારીખ :..............................

સરનામું :..........................................

## જોડાણ-૨

### છાત્રાલયમાં રહેનાર વિદ્યાર્થીએ તથા ગૃહપતિએ આપવાની વિગત

૧. વિદ્યાર્થીનું પુરેપુરૂ નામ :.................................................

૨. છાત્રાલયનું નામ :.................................................

૩. છાત્રાલય ચલાવનાર સંસ્થા :.................................................

૪. છાત્રાલય સમાજ કલ્યાણ ખાતાએ માન્ય કરેલ છે કે કેમ ? :.................................................

૫. છાત્રાલય શાળા સાથે જોડાયેલ છે કે કેમ ? :.................................................

૬. જે છાત્રાલય સરકાર ચલાવતી ન હોય કે શાળા સંસ્થા દ્વારા માન્ય ન હોય તો શાળાના પ્રિન્સીપાલનો અભિપ્રાય : :.................................................

(અ) છાત્રાલયમાં વિદ્યાર્થીઓને રહેવા જમવાની સગવડ :.................................

(બ) છાત્રાલયમાં સુવિધાઓ પુરતા પ્રમાણમાં છે ? :.................................

(ક) તે છાત્રાલયમાં રહી વિદ્યાર્થી બરાબર અભ્યાસ કરી શકશે કે કેમ ? :.................................

૭. છાત્રાલયમાં વિદ્યાર્થીઓને મફત રહેવા/જમવાની સગવડ છે ? :.................................

૮. વિદ્યાર્થીની છાત્રાલયમાં દાખલ થયા તારીખ :.................................

૯. બંને સત્ર છાત્રાલયમાં રહેશે કે કેમ ? :.................................

.................................... ....................................

ગૃહપતિ પ્રિન્સીપાલ

સહી/સિક્કો : સહી/સિક્કો :

# <u>પરીપત્ર</u>

ડીજિટલ ગુજરાત પોર્ટલનં. જિનાનિ /વિજા/શિ.વૃત્તિ ૧થી૧૦/૨૦૧૭-૧૮/

અગત્યનું, સમયમર્યાદા     જિલ્લા નાયબ નિયામક

વિકસતી જાતિઓના કલ્યાણની કચેરી,

ઓ-૯, ન્યુ.મેન્ટલ હોસ્પીટલ કેમ્પસ,
મેઘાણીનગર, અમદાવાદ-૩૮૦૦૧૬.
ફોન : ૨૨૬૮૩૦૯૬

E-mail: dydir_dcw@yahoo.in
તા.૨૪/03/૨૦૧૭

પ્રતિ,

૧. આચાર્યશ્રી,

................................પે-સેન્ટર શાળા,

મુ. ............................

તા.............................જિ. અમદાવાદ

૨. શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

૩. અનુદાનિત શાળાઓ

વિષય:-**Digital Gujarat Portal (Common Service Portal)**માં આગામીવર્ષ ૨૦૧૭-૧૮ "પ્રવેશોત્સવ-જૂન-૧૭"માં શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાયયોજનાઅમલ બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયઅન્વયે જણાવવાનુંકેરાજ્ય સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએ ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રીદ્વારા**Digital Gujarat Portal (Common Service Portal)** ડેવલોપ કરવામાં આવેલ છે.

ઉક્ત પોર્ટલમાં હાલ વિકસતી જાતિ કલ્યાણ ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની ૧૧યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અત્રેના ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની ૧૧યોજનાઓનો આગામી વર્ષ ૨૦૧૭-૧૮થી **Website: https://www.digitalgujarat.gov.in**મારફત ફરજીયાતOnline દરખાસ્તો મેળવી અમલ કરવાનો થાય છે. વર્ષ ૨૦૧૭-૧૮થી આ સાથેના પત્રક મુજબની યોજના ઓફ લાઇન પત્રકોના આધારે મંજુર કરવામાં આવશે નહિ. જેની તમામ શાળાઓએ નોંધ લેવી.

- શાળાઓએ ઉક્ત પોર્ટલમાં ઓનલાઇન એન્ટ્રી/દરખાસ્તો કેવી રીતે કરવી તે અંગેની તાલીમ જિલ્લા કક્ષાએ તા:૧૦/૦૧/૨૦૧૭.ના રોજ આપવામાં આવેલ છે. તમામ શાળાઓને આથી

જણાવવામાં આવે છે કે વર્ષ ૨૦૧૭-૧૮માં ધોરણ-૧ થી ૮માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતિ અને વિચરતી વિમુક્ત જાતિ તેમજ અતિ પછાત અને વધુ પછાત માટેની ભારત સરકારની પ્રિ.મેટ્રીક યોજના સહિત ઉપરોકત યોજનાઓમાં પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની **Digital Gujarat Portal**માં ઓનલાઇન એન્ટ્રી, દરખાસ્ત મંજૂર અને ચૂકવણીની પ્રક્રિયા નીચેના સમયબંધ કાર્યક્રમ પ્રમાણે કરવાની થતી હોય, જેથી દરખાસ્ત(**Proposal**) કરવાની થાય ત્યારે સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરી શકાય.

- પ્રાથમિક શાળાઓએ પોતાની શાળાના વિદ્યાર્થીઓની એન્ટ્રી તા.૩૧/૦૩/૨૦૧૭ સુધી પૂર્ણ કરવી.
- ત્યારબાદ શાળાએ શિષ્યવૃત્તિની ઓનલાઇન દરખાસ્તઃ- તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૩૦/૦૪/૨૦૧૭
- શિષ્યવૃત્તિની એન્ટ્રી કર્યેથી પોર્ટલમાં ધોરણ-૧ થી ૮માં ગણવેશ સહાયની એન્ટ્રી બાય ડીફોલ્ટ થઇ જશે. માત્ર ઓનલાઇન દરખાસ્ત કરવાની રહેશે.
- જિલ્લાની ચકાસણી / મંજૂરીની કામગીરી તા.૦૧/૦૫/૨૦૧૭ થી તા.૩૧/૦૫/૨૦૧૭
- જિલ્લાની ચૂકવણીની પ્રક્રિયા તા.૦૧/૦૬/૨૦૧૭ થી તા.૧૫/૦૬/૨૦૧૭

તમામ શાળાઓએ અત્રેના ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની યોજનાવાર દરખાસ્તો તા:૩૦/૦૪/૨૦૧૭ સુધીમાં ઓનલાઇન કરી મોકલી આપવાની રહેશે. ઓનલાઇન દરખાસ્ત મોકલ્યા બાદ પેસેન્ટર શાળા/ગ્રાન્ટ ઇન એઇડ પોતાની શાળાના દરખાસ્ત પત્રકોની એક નકલ સહી/સિક્કા સાથે પે-સેન્ટર શાળાઓ મારફતે અત્રેની કચેરીએ મોકલવાનીરહેશે.

પે સેન્ટર શાળાઓએ તેઓના તાબાની શાળાઓના યોજનાવાર પત્રકો એકઠા કરી પહોંચાડવાના રહેશે.

<u>શાળાએ ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા:</u>

૧. ઓનલાઇન દરખાસ્ત **https://www.digitalgujarat.gov.in**મારફત કરવાની રહેશે.

૨. શાળા માટે DISE Code તેઓનો યુઝર આઇ.ડી છે અને Abcd@1234 પાસવર્ડ છે. પછીથી લોગીન થયેથી બદલવાનો રહેશે.

૩. પ્રત્યેક શાળા/સંસ્થાએ દિન-૧માં ડીઝીટલ ગુજરાત પોર્ટલમાં પોતાના યુઝર આઇ.ડી./પાસવર્ડથી પ્રથમ વખત લોગીન કરી લેવાનુ રહેશે.

૪. ટ્રેનીંગ પ્રોગ્રામમાં જે મુજબ ટ્રેનીગ આપવામાં આવેલ છે તે મુજબ પે-સેન્ટરે તેની પેટા શાળાના આચાર્યને તાલીમ આપી, તમામ શાળાએ તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી તા:૩૧/૦૩/૨૦૧૭ પુરી કરવાની રહેશે.

૫. વિદ્યાર્થીઓની એન્ટ્રી એક વખત કરવાની હોય વિદ્યાર્થીઓની તમામ મરજીયાત અને ફરજીયાત વિગતો અવશ્ય નાખવામાં આવે તે વધુ યોગ્ય છે. કારણ કે આવતા વર્ષે ફરીથી આ વિદ્યાર્થીના ધોરણ સિવાઇની માહિતી બદલવાની રહેતી નથી. સિવાઇ કે વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દિધેલ હોય.

૬. તમામ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટમાં બેંકનું નામ, એકાઉન્ટ નંબર,IFC CODE,વિગતો આપવી ફરજીયાત છે. વિદ્યાર્થીઓની બેંક ખાતાની વિગતો ખોટી આપવામાં આવશે અને શિષ્યવૃતિ અન્યના ખાતામાં જમા થશે તે અંગેની જવાબદારી શાળા/સંસ્થાની રહેશે.

૭. તમામ વિદ્યાર્થીઓના આધારકાર્ડની વિગતો અવશ્ય આપવાની રહેશે.

૮. તમામ એન્ટ્રી કરી લીધા બાદ શાળાએ તમામ વિદ્યાર્થીઓની તમામ વિગત ઓનલાઇન ચેક કરી લેવી જો કોઇ વિગત Edit કરવાની જરૂર હોય તો દરખાસ્ત બનાવ્યા પહેલા જ Edit કરી લેવી. ત્યારબાદ જે જાતિના વિદ્યાર્થીઓને જે યોજના લાગુ પડે તે મુજબ શિષ્યવૃત્તિની ઓનલાઇન દરખાસ્તો કરવી અને

જિલ્લા કક્ષાએ સબમીટ કરવી. ગણવેશ યોજના બાય ડીફોલ્ટ ધોરણ-૧ થી ૮ની દરખાસ્ત તૈયાર થશે તે પણ સબમીટ કરવાની રહેશે.

૯. દરખાસ્ત (**Proposal**) તા.૩૦/૦૩/૨૦૧૭ સુધી બનાવવાની પ્રેક્ટીસ કરી શકાશે. તા:૩૦/૦૩/૧૭ સુધીમાં કરવામાં એન્ટ્રી પૈકીની બનાવવામાં આવેલ દરખાસ્ત (**Proposal**) તા:૩૧/૦૩/૧૭ના રોજ ડીલીટ કરી દેવામાં આવશે. (માત્ર દરખાસ્ત (**Proposal**) ડીલીટ કરવામાં આવશે શાળાઓએ વિદ્યાર્થીઓની કરેલ એન્ટ્રી ડીલીટ કરવામાં આવશે નહિ.)

૧૦. ડીઝીટલ ગુજરાત પોર્ટલના પ્રશ્નેજરૂર જણાયે હેલ્પ ડેસ્ક નં **18002335500** પર સંપર્ક કરવાનો રહેશે.

<u>બિડાણ:</u>

૧.અત્રેના ખાતાની પોર્ટલમાં સમાવેશ કરેલ યોજનાઓની વિગત (પત્રક-અ)

(વી.વી.પટેલ)
સમાજ કલ્યાણ અધિકારી
જિલ્લા નાયબ નિયામકની કચેરી,
વિકસતી જાતિઓ અમદાવાદ.

<u>નકલ સવિનય રવાના:</u>

૧. તાલુકા વિકાસ અધિકારીશ્રી, તા........................ તા.પં.ની કચેરી....................તરફ જાણ અને આપના તાબા હેઠળના આચાર્યશ્રીઓને સુચના આપવા સારૂ.

૨. કેળવણી નિરીક્ષકશ્રી, શિક્ષણશાળા તા..................તા.પં.ની કચેરી તરફ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ

## કોમનસર્વિસપોર્ટલમાટે**DIGITAL GUJARAT PORTAL** માં **ON LINE**કરવાનીયોજનાઓનીવિગત

## સામાજિકન્યાયઅનેઅધિકારીતાવિભાગ

## નિયામકવિકસતીજાતિકલ્યાણ, ગુ.રા.ગાંધીનગર

### પત્રક - અ

| ક્રમ | યોજનાનુંનામ | જાતિ | ધોરણ | કુમારકન્યા | શિષ્યવૃતિદર (વાર્ષિક) | વાર્ષિકઆવકમર્યાદા | | શાળાઓનીવિગત |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ગ્રામ્યવિસ્તાર | શહેરીવિસ્તાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | બી.સી.કે. ૭૭ધો. ૧થી૪નાવિદ્યાર્થીઓનીશિષ્યવૃતિ | સા.શૈ.પ.વર્ગ | ધો. ૧થી૪ | કુમારકન્યા | રૂા.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિતપ્રાથમિક |
| ૨ | બી.સી.કે. ૩૫૧ધો. ૧થી૪નાવિદ્યાર્થીઓનીશિષ્યવૃતિ | આ.પ.વર્ગ | ધો. ૧થી૪ | કુમારકન્યા | રૂા.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિતપ્રાથમિક |
| ૩ | બી.સી.કે.૭૬પ્રિ.એસ..એસ. સી.નાવિદ્યાર્થીઓનીશિષ્યવૃતિ (ધો. ૫થી૧૦) | સા.શૈ.પ.વર્ગ | ધો. ૫થી૮ | કુમાર | રૂા.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિતપ્રાથમિક |
| | | | ધો. ૯થી૧૦ | | રૂા.૭૫૦/- | રૂા.૪૭૦૦૦/- | રૂા.૬૮૦૦૦/- | સરકારી/અનુદાનિતમાધ્યમિ |
| | | | ધો. ૧૦ પરીક્ષા ફી | | રૂા.૨૫૦/- | | | |
| | | | ધો. ૫ | કન્યા | રૂા.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિતપ્રાથમિક |
| | | | ધો. ૬થી૧૦ | | રૂા.૭૫૦/- | રૂા.૪૭૦૦૦/- | રૂા.૬૮૦૦૦/- | સરકારી/અનુદાનિતમાધ્યમિ |
| ૪ | બી.સી.કે.૭૬પ્રિ.એસ..એસ. સી.નાવિદ્યાર્થીઓનીશિષ્યવૃતિ (ધો.૫થી૧૦) | આ.પ.વર્ગ | ધો. ૫થી૮ | કુમાર | રૂા.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિતપ્રાથમિક |
| | | | ધો. ૯થી૧૦ | | રૂા.૭૫૦/- | રૂા.૪૭૦૦૦/- | રૂા.૬૮૦૦૦/- | સરકારી/અનુદાનિતમાધ્યમિ |
| | | | ધો. ૧૦ પરીક્ષા ફી | | રૂા.૨૫૦/- | | | |
| | | | ધો. ૫ | કન્યા | રૂા.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિતપ્રાથમિક |
| | | | ધો. ૬થી૧૦ | | રૂા.૭૫૦/- | રૂા.૪૭૦૦૦/- | રૂા.૬૮૦૦૦/- | સરકારી/અનુદાનિતમાધ્યમિ |
| ૫ | બી.સી.કે.૭૬પ્રિ.એસ..એસ. સી.નાવિદ્યાર્થીઓનીશિષ્યવૃતિ (ધો. ૧થી૧૦) | લઘુમતી | ધો. ૧થી૮ | કુમાર | રૂા.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિતપ્રાથમિક |
| | | | ધો. ૯થી૧૦ | | રૂા.૭૫૦/- | રૂા.૪૭૦૦૦/- | રૂા.૬૮૦૦૦/- | સરકારી/અનુદાનિતમાધ્યમિ |
| | | | ધો. ૧૦ પરીક્ષા ફી | | રૂા.૨૫૦/- | | | |
| | | | ધો. ૧થી૫ | કન્યા | રૂા.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિતપ્રાથમિક |
| | | | ધો. ૬થી૧૦ | | રૂા.૭૫૦/- | રૂા.૪૭૦૦૦/- | રૂા.૬૮૦૦૦/- | સરકારી/અનુદાનિતમાધ્યમિ |

| ક્રમ | યોજનાનુંનામ | જાતિ | ધોરણ | કુમારકન્યા | શિષ્યવૃતિ દર (વાર્ષિક) | વાર્ષિકઆવકમર્યાદા | | શાળાઓનીવિગત |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ગ્રામ્યવિસ્તાર | શહેરીવિસ્તાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૬ | બી.સી.કે.૧૩૬પ્રિ.એસ..એસ.સી.નાવિદ્યાર્થીઓનીશિષ્યવૃતિ (ધો.૧થી૧૦) | વિચરતીવિમુક્ત | ધો. ૧થી ૮ | કુમાર | રૂ.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિતપ્રાથમિક શાળા |
| | | | ધો. ૯થી૧૦ | | રૂ.૭૫૦/- | રૂ.૪૭૦૦૦/- | રૂ.૬૮૦૦૦/- | સરકારી/અનુદાનિતમાધ્યમિક શાળા |
| | | | ધો. ૧૦ પરીક્ષા ફી | | રૂ.૨૫૦/- | | | |
| | | | ધો. ૧થી ૫ | કન્યા | રૂ.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિતપ્રાથમિક શાળા |
| | | | ધો. ૬થી૧૦ | | રૂ.૭૫૦/- | રૂ.૪૭૦૦૦/- | રૂ.૬૮૦૦૦/- | સરકારી/અનુદાનિતમાધ્યમિક શાળા |
| ૭ | બી.સી.કે.૮૫ધો. ૧થી૮નાવિદ્યાર્થીઓનેગણવેશ સહાય | સા.શૈ.પ.વર્ગ | ધો. ૧થી ૮ | કુમારકન્યા | રૂ.૩૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિતપ્રાથમિક શાળા |
| ૮ | બી.સી.કે.૮૫ધો. ૧થી૮નાવિદ્યાર્થીઓનેગણવેશ સહાય | આ.પ.વર્ગ | ધો. ૧થી ૮ | કુમારકન્યા | રૂ.૩૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિતપ્રાથમિક શાળા |
| ૯ | બી.સી.કે.૮૫ધો. ૧થી૮નાવિદ્યાર્થીઓનેગણવેશ સહાય | લઘુમતી | ધો. ૧થી ૮ | કુમારકન્યા | રૂ.૩૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિતપ્રાથમિક શાળા |
| ૧૦ | બી.સી.કે૧૪૦ધો. ૧થી૮નાવિદ્યાર્થીઓનેગણવેશ સહાય | વિચરતીવિમુક્ત | ધો. ૧થી ૮ | કુમારકન્યા | રૂ.૩૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિતપ્રાથમિક શાળા |
| ૧૧ | બી.સી.કે. ૨૮૯ ભારત સરકારની પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ | સા.શૈ.પ.વ. પૈકીની અતિ-વધુ પછાત જાતિ | ધો. ૧ થી ૧૦ | કુમાર કન્યા | ડેસ્કોલર<br>ધો. ૧ થી ૫ ૭૫૦/-<br>ધો. ૬ થી ૮ ૯૦૦/-<br>ધો. ૯ થી ૧૦ ૧૦૦૦/-<br>હોસ્ટેલર<br>ધો. ૩ થી ૮ ૨૫૦૦/-<br>ધો. ૯ થી ૧૦ ૩૦૦૦/- | આવક મર્યાદા રૂ.૪૪,૫૦૦/- | | સરકારી/અનુદાનિતપ્રાથમિક શાળા |